# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

**અંક:** ૫
**તારીખ:** ૧/૬/૨૦૦૯
રજૂકર્તા: ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન
**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ........ 2
મે (૨૦૦૯) બેઠક્નો અહેવાલ-શૈલા મુન્શા ........ 3
ગુજરાતી શબ્દ સ્પર્ધા-૧- ........ 6
ગુજરાતી ભાષાનું નવું કલેવર ........ 7
મહેનત -પ્રદીપ બ્રહ્મભટ્ટ ........ 9
જીવન ગઝલ છે" -ગીરીશ દેસાઈ ........ 9
અનાથ-બાળ વિશ્વદીપ બારડ ........ 10
તો કેવું સારું….. દેવિકાબેન ધ્રુવ ........ 11
મોક્ષ માર્ગ સહજ બને- વિજય શાહ ........ 11
માનો હાથ - ધીરુભાઈ શાહ ........ 12
એક પિતાની મુંઝવણ- સરયુબેન પરીખ ........ 13
કુમાર અસંભવ!- મનોજ મહેતા (હ્યુસ્તોનવી) ........ 14
સ્થાપિત શ્રદ્ધાઓ – 'સૂફી' પરમાર ........ 15
હળવાશો આ ભારે ભારે…! -હિંમત શાહ ........ 16
મારી માતૃભાષાનું સૌન્દર્ય-(2)-કિરીટકુમાર ગો ભક્ત ........ 17

# મે (૨૦૦૯) બેઠક્નો અહેવાલ-શૈલા મુન્શા




ગુજરાતી સાહિત્ય સરિતા ની ૮૦મી બેઠકનુ આયોજન જયંતભાઈ ને ત્યાં ૧૭મી મેના રોજ કરવામા આવ્યું હતું. આ બેઠકમા ફ્લોરિડા અને ડલાસથી ખાસ બે જાણીતા કવિમિત્રો **ડો. દિનેશ શાહ** અને **હિમાંશુ ભટ્ટ** હાજરી આપીને સભાનુ ગૌરવ વધાર્યું હતું.

**કલ્પનાબેન મહેતાએ** સુંદર પ્રાર્થના ગાઈને કાર્યક્રમની શરુઆત કરી. સભાના સંચાલક **શ્રી વિજયભાઈ શાહે** ગુજરાતી શબ્દ સ્પર્ધાનો  નવતર પ્રયોગની માહીતિ આપી હતી અને દરેક કવિની કાવ્ય રચના બાદ તેઓ બે નવા શબ્દ ભગવદ ગો મંડળમા થી રજુ કરી એનો અર્થ આપતા હતા જે દરેકના ગુજરાતી ભાષાના જ્ઞાનમા વધારો કરતા હતા.

કવિમિત્રો નો થોડો પરિચય-**ડો.દિનેશ શાહ** છેલ્લા ચાલીસ વરસથી અમેરિકામા વસે છે, અને તેઓ છઠ્ઠા ધોરણમા હતા ત્યારથી કવિતા લખવાનીશરુઆત કરી હતી. મુંબઈમા શ્રી ગોકુલદાસ તેજપાલ ને ભાવાંજલિ આપતો સુંદર કાર્યક્રમ "આંબે આવ્યાં મહોર" રજુ કર્યો હતો અને નડિયાદ મા લગભગ સાડાસાત કરોડ રુપિયાનો નેનો ટેકનોલોજી નો પ્રોજેક્ટ બાળકોના લાભાર્થે લઈ આવ્યા છે. અતિ સંવેદનશીલ માનવી અને એમની સંવેદના એમના ગીતો અને કાવ્યોમા જોવા મળે છે.

**હિમાંશુ ભટ્ટ** સારા ગીતકાર અને સારા ગઝલકાર છે અને રસિક ભાઇ મેઘાણીને તથા  ડો. રઈશ મણિયારને પોતાના ગુરુ માને છે. અતિ સંવેદનશીલ કવિ છે અને ડો.દિનેશ શાહ ને રમેશ પટેલ ની સાથે એમના ગીતો ની સીડી **"ત્રિવેણી સંગમ"** બહાર પડી છે.

કવિમિત્રો ના આગ્રહ થી પહેલા સ્થાનિક કવિઓએ પોતાની કૃતિ રજુ કરી.સૌ પ્રથમ દેવિકાબેને દિનેશ ભાઇ ને સૂરજ અને હિમાંશુ ભાઇને ચંદ્ર સાથે સરખાવ્યા અને પછી તેમના માનમાં  દિનેશ ભાઇની **"માણસાઈની હેલી"** કવિતા સંભળાવી અને પછી પોતાની કૃતિ શબ્દારંભે ક્કાવલિ માથી 'હ' અક્ષર પરનુ કાવ્ય રજુ કર્યું.

**"હળવી હળવી હવા હતી**

**હુતો હુતીની હસલ હતી.**

**ફતેહઅલી ભાઇએ** સુરેશ દુબે નુ વ્યંગ કાવ્ય "**બંગાલ કી મમતા બેનરજી ઔર દક્ષિણ કી જયલલિતા દોનો કુંવારી"** રજુ કર્યું.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

**ધીરુભાઈ શાહે** "મા નો હાથ" કાવ્ય સરળ ભાષામા રજુ કર્યું.

**મનોજ મહેતાએ** હિમાંશુ ભટ્ટ ની એક ગઝલ પોતે સ્વરાંકન કરીને બહુ ભાવુક અવાજે ગાઈને સંભળાવી જેના બોલ હતા

**"ચાલો પછીતો આપણે મળશુ કદી કદી**
**બાકી રહી જે વાત તે કરશું કદી કદી."**

હીમાંશુભાઈ માટે આ સુખદ અને રોમાંચક આશ્ચર્ય હતું મનોજભાઈ એ કેરીયોકી સાથે આ ગીત ગાયુ હતું.

**રસિક મેઘાણીએ** એમની પત્નિને અર્પણ કરેલું કાવ્ય સુંદર રીતે ગાઈ સાંભળાવ્યું.

**"અમારા જીવન સફરની સાથે**
**તમારી ખુશ્બુ વહી રહી છે."**

**ચીમન ભાઈ પટેલે** એમની આગવી શૈલીમા વ્યંગ કાવ્ય 'મળે ન મળે" સંભળાવ્યુ.

**"ખાઈલો પકવાન પેટ ભરી, મળે ન મળે**
**લખીલો ગઝલ શબ્દ ફરી મળે ન મળે."**

**શૈલા મુન્શાએ** એમની ૩૯મી લગ્નજયંતિ નિમિત્તે લખેલું અને પ્રશાંતને અર્પણ કરેલું કાવ્ય "પંખી નો માળો"રજુ કર્યું.

**" પાંખો આવી ઊડી ગયા પંખી ગોઠવાયા નિજ માળામા**
**જીવનસાથી સાથ આપણો આધાર આપણે**
**જીવી લઈએ જીંદગાની એકબીજાના સહવાસે."**

**પ્રશાંત મુન્શાએ** તરતજ હળવી શૈલીમા એનો જવાબ આપ્યો.

**જીંદગી લહર થી, આપ સાહિલ હુએ**
**ન જાને કૈસે હમ આપકી દોસ્તીકે કાબિલ હુએ**
**ના ભૂલેંગે હમ ઉસ હસીન પલકો**
**જબ આપ હમારી છોટી સી દુનિયામે શામિલ હુએ.**

હવે **ડો. દિનેશ શાહ** ના કાવ્યોની થોડી ઝલક.

**૧ રાત હતી ટુંકી પણ મારે ગણવા અગણિત તારા**
**૨ ધીખતા રણમા અમે પ્રેમે રહીએ અમે પરદેશી વણઝારા"**
**૩ જીવન મરણની ઘટમાળને તુજ ખેલ સમજુ ક્યાં સુધી**
**માટી તણી આ જેલને આ મહેલ સમજુ ક્યાં સુધી."**

મધર ડે પરનુ એમનુ કાવ્ય હંસા દવેએ સ્વરાંકિત કર્યું હતું અને શ્રી **જયંત ભાઈએ** મહેનત લઈને એની સીડી શોધીને સર્વને એ ગીતનુ રસપાન કરાવ્યું.

**"મા તુજ જીવન ના અજવાળે**
**મુજ જીવનને અજવાળું"**

દિનેશ ભાઈના ગીતોની સીડી 'ઓ ગોરી" પણ માણવા જેવી છે.

**હિમાંશુ ભાઈની** થોડી ગઝલોની વાત કરીએ.

**૧ ન હો વિરાટ તુ જો તો સુક્ષ્મતો હશે**
**ન હો અમારી અંદર તો દૂર તો હશે.**
**૨ હે પ્રભુ આજે થયું કે તને એક કાગળ લખું**
**અને લાસ્ટ ટાઈમ કરતાં આગળ લખું**
**૩ લહેર લહેરના પ્રવાહો અલગ છે**
**પીગળતો પળેપળ કિનારો અલગ છે.**
**૪ "બાળકો ને આર્શિવાદ"**
**પર્વત તને મળે કે રણ તને મળે ન ડગે સફરમા તે ચરણ તને મળે**
**હું જાઉં તે પછી તારા વિચારોમા મારા વિચારની રજકણ તને મળે.**

આ થોડી પંક્તિઓ બન્ને કવિની પ્રતિભાનો અછડતો પરિચય છે. એમને રૂબરૂ સાંભળવાનો અમુલ્ય લહાવો અમને મળ્યો એનો અમને અતિ આનંદ છે. એવી આશા કે આ લહાવો અવારનવાર મળે.

અંતે **સુરેશ ભાઈ બક્ષીએ** સર્વનો આભાર માન્યો અને **સ્મિતા બેન અને જયંત ભાઈ**નું આતિથ્ય માણીને બધા છૂટા પડ્યાં

check hear for some of videos on YouTube for this program

http://www.youtube.com/watch?v=X_jmFHem1Tw

# ગુજરાતી શબ્દ સ્પર્ધા-૧-

હેતુઃ- ગુજરાતી ભાષા લોકભોગ્ય બને દીર્ઘાયુ બને તેવી વાતો કરતા દરેકને એક શસ્ત્ર આપવું છે.

ગુજરાતી ને ટકાવી રાખવા મથતા દરેક ગુજરાતી પ્રેમીઓ માટે એક રમત તૈયાર કરી છે અને તે છે ગુજરાતી શબ્દ સ્પર્ધા.

અંગ્રેજી વિશ્વ ભાષા કેમ બની અને તેના કારણોને ચકાસતા સ્ફુરેલી આ વાત છે.

અંગ્રેજોમાં તે સમયે કે જ્યારે વિશ્વભરમાં તેમનો સુરજ તપતો હતો ત્યારે તેમણે એક વિષ (myth)તૈયાર કર્યુ કે.. જે અંગ્રેજી જાણે છે તે વિશ્વમાં આઝાદ ફરી શકે છે. વળી તેમની પાસે કારકુનોની કમી હતી તેથી જે દેશમાં રાજ્ય કરે ત્યાં શાળામાં એક ભેદ દાખલ કરે..અંગ્રેજી શીખવા બહુ મહેનત કરવી પડે જેથી વિદ્યાર્થી અને શિક્ષકો બંને તે શીખવા અને શીખવાડવા ખુબ મહેનત કરે. અને તે મહેનતનો એક પ્રકાર છે **Spell Bee**.

આપણે ગુજરાતીઓ કે જે પૈસાનું મુલ્ય અન્ય દરેક વસ્તુ થી વધારે માનીયે કે સમજીયે તેથી આપણી ભાષા ઉપર ધ્યાન રાખવાને બદલે જ્યાં જઈએ તે ભાષા ને મહત્વ વધારે આપે.

આજે આપણે આખા વિશ્વમાં વસીયે છિયે અને આખાવિશ્વની ભાષાઓ જણીયે છે અને કદાચ આપણી માતૃભાષા વિશે એવુ કોઇ ગર્વ દેખાતુ નથી માટે આપણને ગુજરાતી માધ્યમની શાળા બંધ થાય તો મા મરી ગઈ હોય તેવું દુઃખ નથી થતુ.

મને તે થાય છે માટે મેં તે ભાષાને મજબુત કરવા તેજ ઉપાયો અજમાવવા યોગ્ય સમજ્યા જે અંગ્રેજોએ અંગ્રેજી માટે કર્યા હતા.

ગુજરાતી શબ્દ સ્પર્ધા.. ઘણી બધી રીતે થઈ શકે છે.જેમાં સંસ્થા માટે પૈસા ભેગા થઈ શકે છે

વિગતે માહીતિ માટે www.shabdaspardha.gujaratisahityasarita.org અને www.vijayshah.wordpress.com જુઓ

શબ્દ સ્પર્ધાનાં શબ્દ પેપર માટે vishal.monpara@yahoo.com નો સંપર્ક કરવો

જયંત પટેલ ( કો ઓર્ડીનેટર) અને સુરેશ બક્ષી ( એસોસીયેટ કો ઓર્ડીનેટર)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુજરાતી ભાષાનું નવું કલેવર



Picture courtsey :NASA

શ્રી વિનય ખત્રીનાં ખાંખા ખોળા દ્વારા અપાયેલી આ ગૂગલ ગુજરાતી એડિટર ની જાણકારી સાચી-ખોટી જોડણીની દ્વીધામાંથી મુક્ત કરશે..(abhaar Ashwin http://kakadia.wordpress.com/

http://www.google.com/transliterate/indic/Gujarati

ગૂગલ નું ગુજરાતી એડિટર તમારા લગભગ બધા જ ખોટી જોડણીવાળા શબ્દો ને પણ સાચી જોડણીવાળા શબ્દો માં ફેરવી નાખે છે મિત્રો.જેમ કે -

| ટાઈપ કરો | પરિણામ |
|---|---|
| asakti કે asaktee | આસક્તિ |
| dehabhimaan કે dehabheeman | દેહાભિમાન |
| vina કે veena | વિના |
| chitt કે cheett | ચિત્ત |
| nirantar કે neerantar | નિરંતર |
| sthit કે stheet | સ્થિત |
| vileen કે vilin કે veeleen | વિલીન |
| vibhuti કે veebhutee | વિભૂતિ |
| visvas કે veeshvas | વિશ્વાસ |

bhakti કે bhaktee ભક્તિ

ગૂગલ એડીટર પ્રારંભીક તબક્કામાં છે પણ ઘણા મૂળભુત પ્રશ્નો ને જડમૂળથી દુર કરે છે અને કદાચ આ પ્રકારની તકનીકી સિધ્ધિઓ ગુજરાતી ભાષાનો વિકાસ કોમ્પ્યુટર યુગમાં પણ સર્વાંગ સુંદર રીતે કરશે તે આશા અસ્થાને નહી રહે. આનો ઉપયોગ જેમ વધશે તેમ ભાષાને ત્રીજી પેઢી પણ સરસ રીતે માણશે અને જાણશે

અંગ્રેજીને ગુજરાતીમાં જે રીતે લખીએ તે રીતે ટાઈપ કરો અને તેનું સાચી ગુજરાતીમાં રુપાતરણ થતું જુઓ

ના કોઈ ફોન્ટ યાદ રાખવાની ઝંઝટ કે ના કોઈ જોડણી ની માથાકુટ. ટાઈપ કરો કોપી કરો અને ઈ મેલમાં પેસ્ટ કરો કે છાપો.

# ક કા કિ કી કુ કૂ કૃ કે કૈ કો કૌ

**[http://bhagvadgomandal.com](http://bhagvadgomandal.com)**

**[http://www.gujaratilexicon.com/OnlineSpellchecker](http://www.gujaratilexicon.com/OnlineSpellchecker)**

ગુજરાતી લેક્ષીકોન પણ હમણા નવી બે સરસ વાતો લાવ્યું **ભગવદ ગોમંડળ**ને કોમ્પ્યુટર સરળ બનાવ્યું અને **સરસ** સ્પેલ ચેકર બનાવ્યું.

આ બધી શોધો એમ સૂચવે છે કે ગુજરાતીની તકનીકી નિષ્ણાત પેઢી પણ માતૃભાષા માટે ઉદાસ નથી. હા કદાચ ઉદાસ છે તો ગુજરાતી શાળાઓ બંધ કરતા ઉદ્યોગ પતિઓ કે વિદેશી મોહમાં ફસાયેલા માતા પિતા કે જેઓ ગુજરાતી ભાષાનુ ભવિષ્ય જાણતા નથી

ગુગલ જેવી સંસ્થાઓમાં અને લેક્ષીકોનના રતીભાઈ ચંદેરીયા મેગ્નેટના અરવિદભાઈ કરાનીયા, કાર્તિક મિસ્ત્રી વિગેરે સંસ્થાઓમાં પાયાનું કામ કરતા સૌ ને હાર્દિક અભિનંદન અત્રે મૃગેશ શાહ , ધવલ શાહ ,સોનલ વૈદ્ય ,ઊર્મિ સાગર, જયશ્રી પટેલ ભક્તા, અમિત પીસાવડીયા, વિશાલ મોણપરા અને નીલેશ વ્યાસ ને પણ તેઓના પાયારૂપ કામોને કેમ ભૂલાય...આતો થોડા જે યાદ આવ્યા તેવા નામો છે. સમય તેનું કામ કરે છે અને દરેક જેઓનાં આંખ અને કાન ખુલ્લા છે તે સૌને તેમને ગુંચવતા પ્રશ્નોનાં જવાબ સમય આવે ત્યારે મળે છે.

બ્લોગ જગત દ્વારા ગુજરાતી ભાષાએ નવું કલેવર ધાર્યું છે તેમાં ઘણા બધાનો સાથ સહકાર છે. કહેછે ભાષા પ્રવાહ છે તેમા ગંદકીનાં ગરનાળા ખુલ્લા રાખોતો પ્રવાહ ગંદો થાય અને તેને વહેવારીક ધોરણે શુધ્ધીકરણ  કરતા રહીયે તો ગંદકી નીકળી પણ શકે..તકનીકી વિજ્ઞાને આવીને તે દિશા ખુલ્લી કરી છે જેને હું આવકારદાયી પરિબળ ગણું છું અને આવકારું છું. જાણીતા અને અજાણ્યા ગુજરાતી ભાષાના સૌ ચાહકોને પ્રણામ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## મહેનત -પ્રદીપ બ્રહ્મભટ્ટ

મહેનત કરતાં માનવીને,જગે બધુ મળી જાય;
બારણે આવી ઉભુ રહે એ, ને પ્રેમે આપી જાય.
.....મહેનત કરતાં માનવીને.
ચમકેસીતારો સફળતાનો,ને સધ્ધરતા મળીજાય
ભણતરની કેડીએ ચાલો ત્યાં સૌની આગળ જાવ
મહેનત મનથી કરતાં તો, આશીશ મળતી જાય
આવે ત્યાં સફળતા દોડી,ના માગવી પડે લગાર
.....મહેનત કરતાં માનવીને.
કૃપા મળે મા લક્ષ્મીની,ને થાય જગમાં સન્માન
જુવાનીના સોપાન પર જ્યાં જ્યોતપ્રેમની થાય
મહેનત,પ્રેમના બંધનમાં,ભઇ મન આનંદે લ્હાય
મિથ્યા માયા ભાગે દુર,ને જગેસંકટ તરી જવાય
.....મહેનત કરતાં માનવીને.
જેમ કદજોઇને મદભાગે,જેમ ભક્તિ જોઇને પાપી
આવેમાનઅનેસન્માન,જ્યાંમહેનત થાયલગનથી
ના મસ્તક નમે નીચુ,કે ના ભાગવુ પડે ભઇ દુર
આગળની જ્યાં દીઠી કેડી, ત્યાં ના રહે કોઇ વેરી
.....મહેનત કરતાં માનવીને.

## જીવન ગઝલ છે" -ગીરીશ દેસાઈ

દ્વૈતો ભર્યુ જીવન એવી ગઝલ છે
જે ભાગ્યવત રહે છે લખાતી.
મૃત્યુ થતા તે પૂરી થાય છે 'ને
કાળવત તે રહે છે ભૂસાતી.

# અનાથ-બાળ વિશ્વદીપ બારડ



નથી નાથ માની, કહેશો ના અનાથ અમને.
એજ રખેવાળ ,એજ નાથ છે અમારો..
રોજ રોજ માનવ બની આવે સહારે,
દુઃખ-દર્દ દૂર કરી, સુખથી સુવાડે.
મા-બાપ ના યાદ આવે..
એવું સુંદર શમણું આપે.
રમવા બાગ આપે,
જમવા મીઠા-મિસ્ટાન આપે.
કોઈ છે નહી અમારું..!
રખે એવું કદી કહેશો નહીં..
જગત સર્જન-હારને લાગશે ખોટું!!
એજ પિતા, એજ માતા...
એજ સાચો પાલનહાર અમારો...

## તો કેવું સારું..... દેવિકાબેન ધ્રુવ

ભૂલી જવાની વાતો યાદ ન રહે તો કેવું સારું,
યાદ રાખવાની વાતો ન ભૂલાય તો કેવું સારું.
પાનખર મહીં કદીક ક્યાંક વસંત ખીલે ને,
અમાસની રાતે ચાંદ ક્યાંક દેખાય તો કેવું સારું.
ઝાડ પર માળો કરતા પંખીને ઉડતા ઉડતા,
રાત પડે આભલે શયન મળે તો કેવું સારું.
સંગેમરમરના પત્થરને કદી વાચા ફૂટે ને
મુમતાઝ  થઇ ઉભી કદી,તાજ જુએ તો કેવું સારુ,
માનવમાં કદીક કદીક દેવત્વ ઉભરે ને,
ઇશ્વર કદી માનવ બની થોડું શ્વસે તો કેવું સારું.

## મોક્ષ માર્ગ સહજ બને- વિજય શાહ

કહે છે
જે તમને ચાહે છે તે તમારું પૂણ્ય છે
અને સૌ પાપો જે ધિક્કાર સ્વરૂપ છે
જીવવું એ કારીગરી શ્રેષ્ઠ બને
જ્યારે
પાપ અને પૂણ્ય શૂન્ય બને
તોજ મોક્ષ માર્ગ સહજ બને

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# માનો હાથ - ધીરુભાઈ શાહ



હું માંદો હતો
ખાટલામાં પડ્યો હતો
અડધો નિદ્રામા હતો
માથે ઓઢેલું હતું
પત્ની ઘરમાં હતી
માં બહારગામ હતી
અચાનક એક હાથ
મારા ઉપર ફરવા લાગ્યો
હું સફાળો જાગી ગયો
અને ઊંઘમાં ને ઊંઘમાં
બોલી ઉઠ્યો “કોણ મા?
ક્યારે આવી?”
પત્ની પાસે ઉભી હતી
તેને આશ્ચર્ય થયું
અને તે બોલી ઉઠી
” તમને કેવી રીતે ખબર પડી,
આ બાનો હાથ છે ?”
મેં કહ્યું ” મા અને પત્ની
એ બંને નાં હાથ સરખા છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

છતા હાથ હાથ મા ફેર છે
જમીન આસમાન જેટલો .
માના હૈયામાં જે પ્રેમ હોય છે
જે મમતા હોય છે
માના ખોળામા જે સુખ હોય છે
જે શાંતિ હોય છે
તે બીજી કોઈ સ્રીમાં હોતાં નથી
“મા તે મા બાકી વગડાના વા”

## એક પિતાની મુંઝવણ- સરયુબેન પરીખ

દસેક મીનીટ પહેલા જ અમારા ઘરમાંથી મોહનભાઈ નીકળીને ડાબી તરફ વળ્યા હતાં, તેથી માનુ છું કે મોટા નહેરુ મેદાનમાંથી ચાલતા જતાં હશે. સાયકલ જરા ઝડપથી ચલાવીશ તો પંહોચી જઈશ. હાં, દૂરથી સફેદ ધોતીયું અને સફેદ ઝભ્ભો પહેરેલ, નાજુક પાતળા શરીરવાળા માણસ દેખાયા. મંદીરની સાંજની આરતીના મીઠા ઘંટારવ સંભળાતા હતાં.

એ વખતે હું હાઈસ્કુલમાં  ભણતી હતી. મોટા ભાઈ લગ્ન વયસ્ક થયેલા તેથી અવારનવાર લોકો લગ્ન વિષે વાત કરવા આવતા. એ દિવસે રવિવારની મોડી બપોરે સાંઈઠેક વર્ષના વડીલને ઘરમાં દાખલ થતાં જોઈ અમારા બાને નવાઈ લાગી. એમણે પોતાનો પરિચય “મોહનભાઈ” તરિકે આપ્યો. અમારી નાની જ્ઞાતિમાં ઘણાં લોકોને ઓળખીએ અને જોયે નહિ તો પણ એમની વાતો, કુટુંબનો ઈતિહાસ વગેરે ખબર હોય.

મોહનભાઈએ વધારે પરિચય આપ્યો એટલે તરત ખ્યાલ આવ્યો, કારણકે ગયા અઠવાડીયે જ મામી કહેતા હતા કે,  “મોહનભાઈને  બે  દીકરીઓ છે. ભણેલી છે પણ બહુ આઝાદ છે, જરા છકેલી છે. મોટીની બહુ ખબર નથી પણ નાની કોઈ બાપુની સેક્રેટરી તરીકે કામ કરે છે અને સાંભળ્યુ છે કે મોહનભાઈને એમની બહુ ચિંતા છે.”

મોહનભાઈને જોઈને જ સહાનુભૂતિ થાય એવો સરળ સંસ્કારી દેખાવ. વાતચીત કરવાની નમ્ર રીતભાત જોઈ મારા બા ભાવથી એમના કુટુંબના ખબરઅંતર પૂછી રહ્યા હતા અને તેઓ સંકોચ પૂર્વક જવાબ આપતા હતા. મેં ચા લાવીને આપી તેને ન્યાય આપ્યો. લાંબા સમય સુધી ગોળ ગોળ વાતો ચલાવી. જુદી જુદી રીતે ભાઈ વિષે સમાચાર પુછતાં રહ્યા. અમને ખ્યાલ આવી ગયો કે વાત કઈ દિશામાં જઈ રહી છે! જરા સંકોચ સાથે છેવટે બોલ્યા, “મારી નાની દીકરી ભણેલી ગણેલી છે એને તમારે ઘેર વરાવવી છે, તેથી હા પાડી દો.” મારા બા કહે, “અરે, એમ વર કન્યા એકબીજાની પસંદગી ન કરે ત્યાં સુધી મારાથી હા પાડી ના શકાય.” પણ મોહનભાઈના ચહેરા પરના ભાવ જાણે કહેતા હતા કે, ‘આજે દીકરીનુ નક્કી કરીને જ જવું છે.’

મોહનભાઈ ઊભા થયા. એમની જોળીમાંથી રુપિયો અને નારિયેળ કાઢી મારા બાના હાથમાં પકડાવતાં કહે, “એ તો પસંદ થઈ જ જશે. મહેરબાની કરીને આજે ના ન પાડતા.” એવું કંઈક બોલતા ચંપલ પહેરીને ચાલી

નીકળ્યા. મારા બા તો અવાક્ બની ઊભા રહી ગયા. હું એમના ચહેરા પર અજબની અકળામણ જોઈ રહી. જરા કળ વળતાં કહે,

"આ તો ઠીક ન થયુ. મોહનભાઈ લાચાર અને ચિંતીત અવસ્થામાં પરાણે રુપિયો અને નારિયેળ આપી ગયા પણ વાત આગળ ચાલે એવી કોઈ શક્યતા નથી. હવે શું કરશું?" જરાક વિચાર કરી મેં કહ્યુ, "બા, મને એ વસ્તુઓ આપો, હું એમને પરત કરી આવુ."

સાંજનો સમય અને આછા અજવાળામાં બીચારા જીવ ધીરે ધીરે જઈ રહ્યા હતા. સાયકલ પરથી ઊતરતા મેં કહ્યુ, "મામા, ઊભા રહો. માફ કરજો, પણ મારા બા કહેડાવે છે કે રુપિયો અને નારિયેળ સ્વીકારવાનુ અત્યારે અમારા માટે યોગ્ય નથી." કહેતા કહેતા એમની જોળીમાં વસ્તુઓ મેં મૂકી દીધી. એમના ચહેરા પર નીરાશા છવાઈ ગઈ પણ "કંઈ વાંધો નહીં" કહી, ફીક્કુ સ્મિત આપી વિદાય લીધી. હું દૂર સુધી એક મૂંઝાયેલ પિતાને જતા જોઈ રહી.આરતીનો ઘંટારવ સમી સાંજની ગંભીરતામાં વિલીન થઈ ગયો

## કુમાર અસંભવ!- મનોજ મહેતા (હ્યુસ્તોનવી)

પ્રીતિએ ચલચિત્ર જોવા માટે જીદ પકડી. ફિલ્મનું નામ હતું, ' PREGNANCY AND CHILDBIRTH '. તેના પતિ અને સંસ્કૃતના પ્રોફેસર કુમારે મોકો મળ્યો જાણીને મોંઘવારી અને ટૂંકા પગાર અંગે ભાષણ ચાલુ કર્યું. છેવટે, નવી નવેલી નવોઢાની વાત માનવી પડી. જાણવા જેવું ઘણું જોયું, ન જાણવા જેવું વળી તેનાથી વધુ જોયું. સુગ અને આનંદનું સંમીશ્રણ બન્નેના મુખ પર જોવા મળ્યું, એક બીજાને. છતાં, બન્ને વાત કરવાનાં મુડમાં ન હતા.

રીક્ષા બજાર ચોકમાં જેવી ઘૂસી કે તેમણે ટોળું જોયું, દુકાનો તોડતું, કેબીનો બાળતું, લુંટ-ફાટ કરતું. એમને તરત જ ખ્યાલ આવી ગયો. મોંઘવારી-આંદોલનને જોર પકડ્યું હતું. શોર બકોર, લુંટ-ફાટ, બળવાની તિવ્ર વાસ અને અરાજકતા, જ્યાં નજર નાખો ત્યાં ફેલાયેલા હતાં. રીક્ષા પણ ફસાઇ ગઇ. વધુ કશું ય વિચાર્યા વગર પ્રિતી અને કુમારે દોડવા માંગ્યું. અને, પોલિસના વાહનોની સાયરનોનો અવાજ પણ ધીમે ધીમે મોટો થવા લાગ્યો. દોડ ધામ શરૂ થઇ ગઇ. લોકો કચરાઇ જવા લગ્યાં. કચરાયેલા ચિસો પાડવા લાગ્યા. સામેની બાજુથી પોલિસોએ ડંડાબાજી શરૂ કરી,પણ લોકોએ પોલિસોને મારી હઠાવ્યા. પોલિસોએ હવે વ્યુહ બદલ્યો. આશ્રુવાયુનાં ટેટા શરૂ થયાં. છતાં, લોકો ગાંઠ્યાં નહીં. અને અંતે, પોલિસે તેનું આખરી શસ્ત્ર ઉગામ્યું.

કુમારને લાગ્યું કે તેના સાથળના મૂળમાં કશુંક પક્ષી જેવું કરડ્યું. પછી, તેણે સખત વેદનાની સાથે, સાથળની નીચે તરફ ગરમાવો વહેતો અનુભવ્યો. આંખે અંધારા વળવા લાગ્યા.જમીન આસમાન ગોળ-ગોળ ફરવા લાગ્યા. અને, તે કાંઇ પણ બોલે તે પહેલા, રૂધિરના ખબોચિયામાં ફસડાઇ પડ્યો. પ્રીતિ ગભરાઇને ચિસો પાડવા લાગી. થાકીને અંતે એ કુમારના ઘવાયેલા શરીર ઉપર માથું નાખી રડવા લાગી. મોંઘવારી આંદોલનના લડવૈયાઓને (!) પ્રીતિની લાચારી સોંઘી લાગી. અત્યારે કોઇ પણ બહાદૂરનો બેટો (!) ઊભા રહેવાની કાયરતા (!) બતાવવા તૈયાર ન હતો.

અંતે એ જ થયું. પોલિસની સમયસૂચકતાને પરિણામે મોંઘવારીના આંદોલન નો આ હિંસક (!) લડવૈયો, મહાત્મા ગાંધી હોસ્પીટલમાં અને પછી ત્યાંના ઓપરેશન થીયેટરમાં પ્રવેશ પામ્યો. ઘણી જહેમત બાદ, જાડા કાચના ચશ્માવાળા, તોળી તોળીને અંગ્રેજી શબ્દો બોલતા સર્જને ઓપરેશન થીયેટરની બહાર નિકળીને ઊંડો સ્વાસ લીધો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

દરદીને રજા આપવાનો સમય આવ્યો. ડોક્ટરે દંપતિને શુભેચ્છાઓ પાઠવી. અને, અંતે જેની સાથે હોસ્પીટલના રોકાણ દરમિયાન લાગણીનો સંબંધ બંધાયો હતો એવા એમના આ દર્દી…સંસ્કૃતના પ્રોફેસર…કે જેમનું પ્રિય પુસ્તક હતું 'કુમારસંભવઃ', એને ગળગળા સાદે જણાવી દીધું કે ..કુમાર કે કુમારિકા… હવે તો તમારે માટે અસંભવ !!!

## સ્થાપિત શ્રદ્ધાઓ – 'સૂફી' પરમાર

પડેલા ડાઘ ધોઈ દિલ પવિત્ર મેં બનાવ્યું છે
તને રહેવા પ્રભુ દિલ મારું તું જો જગમગાવ્યું છે

ભરેલા જે હતા દિલમાં અહંકારો, નિંદા, ઈર્ષા
કરીને દૂર દુર્ગુણો મેં શીશ મારું નમાવ્યું છે

હતી અદશ્ય દિવાલો, મેં એવા કેદખાનામાં
સહી અજ્ઞાન, અને અસત્ય જીવન મેં વિતાવ્યું છે

ઘણી ચિંતા હતી દિલમાં, ફસી માયાના બંધનમાં
હવે તો પ્રેમ, પૂજાને દયાથી દિલ સજાવ્યું છે

હજુ શ્રદ્ધાઓ સ્થાપિત દે છે દસ્તક દ્વારના ઉપર
પરંતુ ડગમગેના દિલ, મેં આધ્યાત્મ પચાવ્યું છે

કરી આત્મ મીમાંસા જે કોઈ જીવ્યા છે ધરતી પર
પ્રકતિ સાથે સંબંધ પ્રાણનો શું છે બતાવ્યું છે

મનન ચિંતન હવે ક્યાં છે આ કોલાહલ ભર્યા જગમાં
અહીં વર્ગભેદની ભ્રાંતિએ વરચસ્વ જમાવ્યું છે

'સૂફી' તું ક્યાં અને ક્યારે કરેછે ભક્તિ ઈશ્વરની?
સુકર્મો ઉચ્ચ ભક્તિ છે મને રબએ શીખાવ્યું છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હળવાશો આ ભારે ભારે...! -હિંમત શાહ

હળવાશે, હળવાશે ખરતી આ ફૂલ પાંદડીઓ!
જુએ સહુ, આનંદે સહુ:
ભારે, ભારે ઊઠતા એના ચિત્કાર!
જુએ કોઇ? સાંભળે કોઇ?

છુપા સંજોગોની ઘંટીમાં દળાતી અસહાયતા..!
હાહાકાર કરે હૈયે;
ઊફ એકેય એ કરે ના;
કોમળ કરાંગુલીઓ કોઇ પ્રસારી શકે ના?

ઘોઘરો દાબતી દેખાય દાનવતા!
ધીમા શ્વાસે રુંધાય માનવતાઆ ;
કોઇ ટંકાર કરે જરા ના;
કોઇ સંભાળ કરે જરા ના.

માનવી ગણુ બધુયે થયો,
માનવ થવાનું ભૂલી ગયો!
વાહ, વાહ કરું?
વેદનાઓ વીણું?
શું કરું? શું ના કરું?
ભારે, ભારે બધા આ ભારો;
હળવાશે, હળવાશે શાને લીધા?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મારી માતૃભાષાનું સૌન્દર્ય-(2)-કિરીટકુમાર ગો ભક્ત

ઊંધી માત્રાની મજા.

૧. **ચોરી** – કન્યાએ વરનાં દિલની ચોરી કરી.

–**ચૉરી**નાં ફેરા ચાર.

૨. **વેર**- પહેલાનાં જમાનામાં વેર વારસામાં અપાતું.

**વૅર** –મસાલામાં લાકડાના વૅરની મિલાવટ.

૩. **છેક** – તે મને છેક સુધી મુકી ગયો.

**છૅક** – લખાણમાં છૅકછાક ન ચાલે.

૪. **કોસ**- કૂવામાંથી પાણી કાઢવા કોસની જરુરિયાત હોય છે.

**કૉશ** – ખાડો ખોદવા કૉશની જરુર.

૫. **ખોળ** – અમે ગાદલાંને નવી ખોળ ચઢાવી.

**ખૉળ** – બળદને ખૉળ વિના કેમ ચાલશે?

૬. **ગોળ** – પૃથ્વી ગોળ છે.

**ગૉળ** - ગૉળ ગળ્યો લાગે છે.

૭. **મેલ**- હવે માથાફૂટ મેલ.

**મૅલ** –આ જો કાનનો મૅલ !

૮. **બેટ** – કબીરવડ એક બેટ છે.

**બૅટ** – સચીનનું ભારે બૅટ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.